# ROYAL SECONDARY & GIRLS SCHOOL -DHORAJI

**Std :- 10th** **Round Test 01** **Dt.06-01-2025**

**Time :- 3:00 hours** **Sub : Social Science** **Marks :- 80**

## SECTION - A

*** નીચે આપેલા પ્રશ્નોનાં માગ્યા મુજબ ઉત્તર લખો. (દરેકના 1 ગુણ)** **(24)**

*** જોડકાં જોડો.**

| વિભાગ - A | વિભાગ - B |
|---|---|
| 1) હીરા | A) જીનીવા |
| 2) કોલસો | B) અસમ |
| 3) ISO | C) નાઇઝર |
| 4) નિમ્ન માનવ વિકાસ ધરાવતો દેશ | D) રૂપાંતરીત ખડકો |
| 5) ઉલ્ફા (ULFA) | E) ડેન્માર્ક |
| | F) પ્રસ્તર ખડકો |

*** નીચેનાં વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

6) તુલશીશ્યામમાં આદર્શ બાયોગેસ પ્લાન્ટ આવેલો છે.

7) ‘જાગો ગ્રાહક જાગો’ એ ગ્રાહક જાગૃતિનો સંદેશ છે.

8) 15 માર્ચને ‘વિશ્વ ગ્રાહક અધિકાર દિન’ તરીકે ઉજવવામાં આવે છે.

9) ગુજરાત સરકારે મહિલાઓ માટે સરકારી નોકરીઓમાં 35% અનામતની જોગવાઇ કરી છે.

10) એ.ટી.ટી.એફ એ તેલંગણા રાજ્યનું બળવાખોરી સંગઠન છે.

*** યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.**

11) ........... ધાતુ માનવીને સૌપ્રથમ ઉપયોગમાં આવેલી હતી. (લોખંડ, તાંબુ, સીસુ)

12) .......... ને ગ્રાહક આંદોલનનાં જન્મદાતા કહેવામાં આવે છે.(જહોન કેનેડી, રાલ્ફનાડર, જોસેફ સ્મિથ)

13) મહિલાઓને માત્ર એક જ કોલથી મદદ મળી રહે તે માટે ......... અભયમ હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે. (108, 118, 181)

14) વ્યાપાર તુલા હકારાત્મક બને તે માટે ભારત સરકારે .............. પ્રોજેક્ટ શરૂ કર્યો છે. (મેઇક ઇન ઇન્ડિયા, સ્કિલ ઇન્ડિયા, પ્રોડક્ટ ઇન્ડિયા)

15) સ્થાનિક અળસીયાઓનો આયુષ્યકાળ .............. વર્ષનો હોય છે. (14, 15, 16)

*** નીચેનાં પ્રશ્નોનાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.**

16) બંધારણની કઇ કલમ અન્વયે અસ્પૃશ્યતા નાબુદ કરવામાં આવી છે ?

A) કલમ - 15 B) કલમ - 16 C) કલમ - 17 D) કલમ - 18

17) નીચેનામાંથી કોઇ એક લોખંડની કાચી ધાતુનો એક પ્રકાર છે. તે અલગ તારવો.

A) એસ્બેસ્ટોસ B) ગેલેના C) વેનેડીયમ D) હેમેટાઇટ

18) નીચેનામાંથી સરકાર દ્રારા કઇ પેદાશોનાં ભાવો નિર્ધારીત થાય છે ?

A) દાકતરી સારવાર B) શાકભાજી C) પેટ્રોલ ડીઝલ D) હોટલમાં જમણ

19) ગિયર વિનાનું 50 CC સુધીની એન્જિનની ક્ષમતાનું દ્રિચક્રી વાહન ચલાવવા માટે લાઇસન્સ કેટલા વર્ષની ઉંમર બાદ મળે ?

A) 18 B) 16 C) 20 D) 21

20) કઇ કલમ મુજબ સીટબેલ્ટ પહેર્યા વગર મોટરકાર ચલાવવા કે તેમાં મુસાફરી કરવા બદલ દંડ થઇ શકે?

A) 129 B) 194 (D) C) 194 (B) D) 194 (G)

*** નીચેનાં પ્રશ્નોનાં સંક્ષિપ્ત (એક - બે શબ્દો)માં ઉત્તર લખો.**

21) ભારતમાં કયા વર્ષને મહિલા સશકિતકરણ વર્ષ તરીકે ઉજવવામાં આવેલ છે ?

22) નકસલવાદી ઉગ્ર વિચારધારા કયા રાજયમાંથી ઉદ્ભવી હતી ?

23) ગુજરાતનાં બારેમાસ ખુલ્લા રહેતા બંદરનું નામ આપો.

24) દિબ્રુગઢથી કન્યાકુમારીને જોડતો રેલમાર્ગ ભારતનો સૌથી લાંબો રેલમાર્ગ છે. તે કયા નામથી જાણીતો છે?

## SECTION - B

*** નીચે આપેલા 13 પ્રશ્નોમાંથી કોઇ પણ 9 પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ) (18)**

25) અમદાવાદની ઓળખ ઐતિહાસિક નગરી તરીકે થાય છે.

26) ખજૂરાહોનાં મંદિરો વિશે ટૂંકમાં માહિતી આપો.

27) ઐતિહાસિક સ્મારકોનું સમારકામ કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબતો જણાવો.

28) પ્રવાસન સ્થળોની સ્વચ્છતા માટે શું કરવું જોઇએ ?

29) ગુજરાતમાં આવેલા મુખ્ય સંગ્રહાલયોનાં નામ જણાવો.

30) ચૂનાનાં પથ્થરનો ઉપયોગ જણાવો.

31) મને ઓળખો :- 1) મને ભારતની ‘સિલિકોન વેલી’ કહે છે.
2) મને સનરાઇઝ ઇન્ડસ્ટ્રીઝ પણ કહે છે.

32) તાંબાનાં ઉપયોગો જણાવો.

33) સુતરાઉ કાપડ ઉદ્યોગ કઇ - કઇ સમસ્યાનો સામનો કરી રહયો છે ?

34) પર્યાવરણીય અતિક્રમણને રોકવાનાં ઉપાયો જણાવો.

35) સંકલ્પનાં સમજાવો :- 1) કાળુ નાણું 2) દાણચોરી

36) તફાવત સમજાવો :- આતંકવાદ અને બવળાખોરી

37) સાંપ્રદાયિકતા દૂર કરવાનાં ઉપાયો જણાવો.

## SECTION - C

*** નીચે આપેલા 9 પ્રશ્નોમાંથી કોઇ પણ 6 પ્રશ્નોનાં ટૂંકમાં ઉતર લખો. (દરેકના 3 ગુણ)** **(18)**

38) નીચે દર્શાવિલા ચિત્રને ઓળખી તેનાં વિશે ટૂંકમાં માહિતી આપો.



39) પર્યટન ઉદ્યોગથી થતાં લાભ જણાવો.

40) ઉદ્યોગોનું વર્ગીકરણ સ્પષ્ટ કરો.

41) ખાંડ ઉદ્યોગ વિશે માહિતી આપો.

42) વિધાન સમજાવો :- “ભાવવધારો આર્થિક વિકાસમાં પોષક પણ છે અને અવરોધક પણ છે.”

43) ભારતમાં સ્ત્રી-પુરુષોની અસમાનતાનાં કારણો જણાવો.

44) આપણી આસપાસ જોવા મળતી કઇ બાબતો દેશનાં માનવવિકાસ આંકને અસર કરે છે ?

45) આતંકવાદની આર્થિક અસરો જણાવો.

46) વૃદ્ધોની સમસ્યાઓ વર્ણવો તથા તેમનાં રક્ષણ અને કલ્યાણ સંબંધી જોગવાઇઓ વર્ણવો.

## SECTION - D

*** નીચે આપેલા પ્રશ્ન નંઃ 47 થી 53 માંથી કોઇ પણ 4 પ્રશ્નોનાં સવિસ્તર ઉતર આપો. પ્રશ્ન નંઃ- 54 નકશાપૂર્તિનો છે, જે ફરજીયાત છે.(દરેકના 4 ગુણ)** **(20)**

47) વર્તમાન સમયમાં ગ્રાહકોનું શોષણ કઇ કઇ રીતે થઇ શકે છે ?

48) ભાવવધારાનાં કોઇ પણ ચાર કારણો સમજાવો.

49) ભારતમાં સ્વાસ્થ્ય સુધારણા માટે થયેલી કામગીરી વર્ણવો.

50) ગુજરાત સરકારે મહિલા સમાનતા માટે કઇ કઇ યોજનાઓ અમલમાં મૂકેલ છે. તેનાં વિશે માહિતી આપો.

51) દિવ્યાંગ વિદ્યાર્થીઓને સરકાર તરફથી મળતી સુવિધાઓ અને વિશિષ્ટ સવલતો જણાવો.

52) ભારતનાં બંધારણમાં કયા બાળ અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

53) બાળમજૂરી એટલે શું ? ભારતમાં બાળમજૂરી કયા ક્ષેત્રોમાં જોવા મળે છે ? તે જણાવો અને બાળમજૂરીનાં કારણો જણાવો.

54) ભારતનાં રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે, યોગ્ય સ્થાને દર્શાવો.

1) કાળી જમીનનો એક પ્રદેશ
2) ચા ઉત્પન્ન કરતો એક પ્રદેશ
3) વેળાવદર રાષ્ટ્રિય ઉદ્યાન
4) સુતરાઉ કાપડ ઉદ્યોગનું એક કેન્દ્ર - નામ સાથે